# હિંમતનગર - નડિયાદ બસનો ડ્રાઈવર નશામાં ધૂત

## બાયડ ડેપોમાં બસ પહોંચતા મુસાફરોનો હોબાળો

બાયડ, તા. ૨૨

સલામતી સવારી એસટી અમારી સુત્રમાં એસટીને સલામત તરીકે ચિતરવામાં આવી છે પરંતુ ગુજરાત એસટીના કેટલાક ડ્રાઈવરો સરેઆમ લીરેલીરા ઉડાડી રહ્યા છે. અરવલ્લી જીલ્લામાં ૩ મહિનાના ટૂંકા ગાળામાં દારૂ પીને નશામાં ધૂત બની હંકારતા ૫ થી વધુ ડ્રાઈવર ઝડપાઈ ચુક્યા છે પરંતુ એવા અનેક ડ્રાઈવરો હશે જે લોકોના હાથે નહીં ચડ્યા હોય કે પછી પકડાયા નહીં હોય. અહીં પ્રશ્ન એ છે કે નશામાં ચૂર એસટી ડ્રાઈવરોના હાથમાં બસનું સ્ટેયરિંગ હશે ત્યાં સુધી એસટી ખરેખર સલામત રહેશે ખરી ?




હિંમતનગર-નડિયાદ એસટી બસનો ચાલક પ્રવિણસિંહ ભેમસિંહ સોઢાપરમાર (બેજ.નં-૨૯૮૮૧, નડિયાદ ડેપો) નશામાં ધૂત બની બસ હંકારતા બસ હાલક-ડોલક રેલાતા બસમાં બેઠેલા ૨૫થી વધુ મુસાફરોના જીવ તળિયે ચોંટ્યા હતા. બસ બાયડ ડેપોમાં પહોચતાની સાથે મુસાફરોએ હૈયે હાશકારો અનુભવવાની સાથે હોબાળો મચાવતા બાયડ ડેપો મેનેજર સહીત સ્ટાફ પહોંચી ડ્રાઈવરનું એનાલાઈઝરથી પરીક્ષણ કરવામાં આવતા દારૂ પીધેલો જણાઈ આવતા બાયડ પોલીસને હવાલે કરતા બાયડ પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ગુજરાતમાં દારૂ બંધી છે, પરંતુ જેને દારૂ પીવો હોય તે ગમે ત્યારે પી શકે છે. અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના એસટી ડેપોના શૌચાલયમાં અને આજુબાજુના વિસ્તારોમાં વિદેશી દારૂ, બીયરના ટીન અને દેશી દારૂની કોથળીયો પડી હોવાની અનેક બૂમો સમય અંતરે ઉઠી છે. થોડા વર્ષ અગાઉ મોડાસાના એસટી ડેપોમાં રાત્રીના સુમારે દારૂની મહેફિલ જામતી હોવાથી એસટી ડેપોના ધાબા પરથી વિદેશી દારૂની ખાલી બોટલ અને બીયરના ટીન મળી આવ્યા હતા.

# પ્રાંતિજ નગરપાલિકા દ્વારા સ્ટ્રીટ લાઈટના પોલમાં ગેરરીતિ

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સ્ટ્રીટ લાઈટોના પોલમાં મોટી ગેરરીતિ થઈ હોવાનું બહાર આવ્યું છે. જવાબદારો સામે જવાબદાર તંત્ર પગલાં ભરવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.



પ્રાંતિજ નગરપાલિકા વિસ્તારમાં આવેલ મત્સ્ય ઉધોગ કેન્દ્રથી વણઝારા વાસ તરફ જતાં રસ્તા ઉપર તથા નવાધરાથી માર્કંડેશ્વર મહાદેવ સુધી સ્ટ્રીટ લાઈટના પોલ વિકેન્દ્રીત જીલ્લા આયોજનની ગ્રાન્ટ ૨૦૧૮-૧૯ હેઠળ વિજળીનું કામ માટે નવાધરાથી માર્કંડેશ્વર મહાદેવ સુધી ૪,૮૦,૦૦૦ તથા મત્સ્ય ઉધોગ કેન્દ્રથી રામદેવનગર સુધી ૪,૫૦,૦૦૦ મળી કુલ-૯,૩૦,૦૦૦ના કામમાં ગેરરીતિ થઈ હોવાનું જણાતા નગરપાલિકાના જ કોર્પોરેટર પાલિકા સામે તથા પાલિકાના એન્જીનીયર સામે બોયો ચડાઈ છે કે એન્જીનીયર દ્વારા તપાસ કર્યા વગર બીલ કઈ રીતે પાસ કર્યું તો નગરપાલિકાના બાંધકામ સમિતિના ચેરમેન અરવિંદભાઈ પરમારે તો ઉભા કરેલ વિજ પોલને બહાર કઢાવી તેનું વજન પંચોની સાક્ષીમાં કરવામાં આવ્યું હતું જેમાં ૩૧ કિલોના વજનની જગ્યાએ માત્ર ૨૧,૭૦૦નું વજન નિકળ્યું. ઉભા કરવામાં આવેલા ૩૦ થાંભલા ગેલવેનાઈઝના બદલે લોખંડના પાઈપ ઉપર કલર કરેલ છે. પાવડર કોટીંગ પણ હતું નહી તો ડેઝેલ ટેકનોલોજી હિંમતનગર અને નગરપાલિકાના એન્જીનીયર તથા કેટલાક કોર્પોરેટરોની મીલીભગત હોય તેવું હાલ તો જણાઈ આવે છે. શું નગરપાલિકા એન્જીનીયર મેધનાબેન રાય દ્વારા શું તપાસ કર્યા વગર બીલ કઈ રીતે પાસ કર્યું તે પણ એક મોટો સવાલ છે ત્યારે હાલ તો કેટલાક નગરપાલિકા કોર્પોરેટરો તથા નગરપાલિકા બાંધકામ સમિતિ ચેરમેનને જ સામે ચાલીને થયેલ ગેરરીતિ સામે અવાજ ઉઠાવ્યો છે ત્યારે ગેરરીતિ આચરનારાઓ સામે ચીફ ઓફિસર સહિત તંત્ર શું એક્શન લેવામાં આવશે એ તો હવે જોવું રહ્યુ.

### નગરપાલિકા ચીફ ઓફિસરનું શું કહેવું છે

આ અંગે નગરપાલિકા ચીફ ઓફિસર વિશાલભાઈ પટેલને પુછતા તેવોએ જણાવ્યું કે ગેરરીતિ થઈ હોવાનું માલુમ પડતા અમે વીજ પોલનું વજન કરાવ્યુ હતું અને તેનું વજન ઓછું નિકળ્યું હતું અને તે અંગે કોન્ટ્રાક્ટરને નોટીસ આપી છે પણ હજુ સુધી તેનો જવાબ આવ્યો નથી અને તેના જવાબની રાહ જોઈએ છીએ. ત્યારબાદ અમે આગળની કાર્યવાહી ધરીશુ.

### નગરપાલિકા હાલના બાંધકામ સમિતિના ચેરમેન અરવિંદભાઇ પરમારનું શું કહેવું છે

સ્ટ્રીટ લાઈટના પોલમાં મોટી ગેરરીતિ થઈ હોવાનું ધ્યાને આવતા ઉભા કરેલ ૩૦ સ્ટ્રીટ લાઈટના પોલમાંથી એક પોલ બહાર કાઢવામા આવ્યો હતો અને પંચોની સાક્ષીમાં વજન કરતા ૩૧ કિલોના બદલે ૨૧.૭૦૦નું વજન નિકળ્યું હતું. બીજી બાજુ ગેલવેનાઈઝના બદલે લોખંડની પાઈપો છે અને ખાલી કલર મારી દેવામાં આવ્યો હતો અને પાવડર કોટીંગ પણ નથી જે અંગે ઉપર સુધી મે રજુઆતો કરી છે.

# પ્રાંતિજમાં રખડતી ગાયોનો ત્રાસ

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રખડતી ગાયોનો ત્રાસ વધ્યો છે. તો રખડતી ગાયોને લઈને રોજબરોજના બનાવો બનવા છતાં પ્રાંતિજ પાલિકા કુંભકર્ણ નિદ્રામાં હોય તેવું હાલ તો લાગી રહ્યુ છે.

પ્રાંતિજ ખાતે છેલ્લાં એક મહિનાથી ભાખરીયા બસ સ્ટેશન, શાકમાર્કેટ, ત્રણ રસ્તા, એપ્રોચરોડ, બજારચોક વિવિધ વિસ્તારોમાં સવાર સાંજ રોડની વચોવચ રખડતી ગાયો અડીંગો જમાવીને બેસે



છે. કેટલીક વારતો એકબીજા સાથે ખાબકતા વાહનો ઉપર જઈ પડે છે તો વાહન ચાલકોને મોટી નુકાશાની વેઠવાનો વારો આવે છે. કેટલીકવાર તો રોડ ઉપરથી પસાર થતાં અચાનક ગાય કુદી આવતા વાહન ચાલકો જમીન માપતા પણ થાય છે અને વાહન ચાલકોને શરીરે ઈજાઓ પહોચે છે. અવારનવાર પાલિકામાં રજુઆતો છતાં પ્રાંતિજ પાલિકાની ઉંઘ ઉડતી નથી. જેથી હાલ તો જાણે પાલિકા કુંભકર્ણ નિદ્રામાં હોય તેવું લાગી રહ્યું છે. રોડ વચ્ચે ગાયો બેસી રહી હોવાથી ટ્રાફિકની પણ સમસ્યામા વધારો થાય છે. નગરજનો દ્વારા અનેકવાર રજુઆતો કરવા છતા પ્રાંતિજ નગરપાલિકાને કાંઈજ ફરક પડ્યો નથી. બીજી બાજુ કોઈ જાનહાની થાય તેવી રાહ જોવાતી હોય તેવું હાલ તો લાગી રહ્યું છે.



**ખેડબ્રહ્મા કોલેજનું ગૌરવ**

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના રમત-ગમત અને યુવા સાંસ્કૃતિક વિભાગ દ્વારા આયોજિત આંતર-કોલેજ ક્રોસ કન્ટ્રી સ્પર્ધા તા. ૨૦-૮-૧૯ના રોજ આર્ટસ કોલેજ, રાજેન્દ્રનગરના યજમાનપદે યોજાઈ હતી. આ સ્પર્ધામાં ડી.ડી. ઠાકર આર્ટસ એન્ડ કે.જે. પટેલ કોમર્સ કોલેજ ખેડબ્રહ્માની ટીમ ભાગ લઈ યુનિવર્સિટીમાં બીજા ક્રમે વિજેતા બની હતી. આ વિજેતા ટીમને કોલેજનું ગૌરવ વધારવા બદલ કોલેજના આચાર્ય એન.ડી. પટેલ, અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટ અને કોચ પ્રા. જીગર ખરાડી તથા સમગ્ર કોલેજ પરિવારે વિદ્યાર્થીઓની આ સિદ્ધિ માટે અભિનંદન આપ્યા હતા.

# મહાકાય અજગરો નીકળવાનો સીલસીલો યથાવત રહેતા પ્રજાજનોમાં ફફડાટ ફેલાયો

ભિલોડા, તા. ૨૨

ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારના સિમાડાઓમાંથી છેલ્લા ઘણા વર્ષોથી દિન-પ્રતિ-દિન અજગરો નીકળવાનો સીલસીલો યથાવત રહેતા ખેડુતો, પશુપાલકો, શ્રમજીવીઓ અને પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાઈ રહ્યો છે. ભિલોડા તાલુકા મથક ખાતેના સીમ વિસ્તારમાં ખેતરમાં સિંચાઈ માટે બનાવેલા પાણીના ઉંડા કુવામાંથી મહાકાય અજગર જીવદયા પ્રેમીઓ ધ્વારા ઝડપાયો હતો. સીમ વિસ્તારોમાંથી ઠેર-ઠેર અજગરો નીકળવાનો સીલસીલો યથાવત રહેતા ખેડુતો, પશુપાલકો, શ્રમજીવીઓ અને પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાઈ રહ્યો છે. ભિલોડા ગામના ખેડુત પુત્ર રામાભાઈ બેચરભાઈ પટેલના ખેતરમાં મધ્યરાત્રે મહાકાય અજગર ઉંડા પાણીના કુવામાં પડ્યો હતો.

ભિલોડા-માલાવાવ વિસ્તારના રહેવાસી જીવદયા પ્રેમીઓ બાલાભાઈ મકવાણા, કાળુભાઈ મારીવાડ, અર્જુનભાઈ મારીવાડ, રોહિતભાઈ ઠાકોર સહિત જીવદયા પ્રેમીઓએ વન વિભાગની કચેરીમાં મૌખિકમાં જણાવ્યું હતું કે ખેતરના કુવામાં



અજગર પડ્યો છે. વન વિભાગના અધિકારીઓએ ઉંડા કુવામાંથી અજગરને બહાર કાઢવાની ભારે જહેમત ઉઠાવી હતી પરંતુ મહાકાય અજગર ઝડપાયો ન હતો.અજગરને ઝડપી લેવા માટે રેસ્ક્યું ઓપરેશન હાથ ધરાયું હતું અત્રે ઉલ્લેખનીય છે કે વન વિભાગના બાહોશ અનુભવી અધિકારીઓના પ્રયાસો નિષ્ફળ નિવડ્યા હતા.

ભિલોડા-માલાવાવ વિસ્તારના જીવદયા પ્રેમીઓ, ખેડુતો, શ્રમજીવીઓએ અથાગ મહેનત અને સામુહિક રીતે ભગીરથ પ્રયત્નો કરીને મહાકાય અજગરને ઉંડા પાણીના કુવામાંથી સલામત રીતે બહાર કાઢી કંતાનના કોથળામાં ભરી વન વિભાગના અધિકારીઓને અજગર સોપી દીધો હતો. વન વિભાગના અધિકારીઓએ મહાકાય અજગરને નિર્જન જંગલ વિસ્તારમાં સલામત રીતે મુક્ત કર્યોહતો.



## કાંકરેજની બનાસ નદીમાં નર્મદાનાં નીર છોડાતા ખેડૂતોમાં ખૂશી

કાંકરેજ તાલુકાની જીવાદોરી સમાન ગણાતી બનાસ નદીમાં કાંકરેજ ધારાસભ્ય કીર્તિસીહ વાઘેલાએ સરકાર સામે ધારદાર રજુઆત કરી હતી. ત્યારે કાંકરેજ તાલુકાના ઉંબરી માળી ગોળીયા સાઈફનમાંથી સુજલામ સુફલામ કેનાલના પાણીને બનાસ નદીમાં છોડવામાં આવ્યું હતું અને શ્રીફળ ફૂલથી નર્મદાના નિરના વધામણાં કર્યા હતા. ત્યારે એક મહિના સુધી આ પાણી ચાલુ રાખવાનો પ્રયત્ન કરવામાં આવશે અને પછી ખેડૂતોને બોરના પાણીના તળ ઉંચા આવશે જેને લીધે ખેડૂતો માટે ખુશીના સમાચાર જોવા મળ્યા હતા. કાંકરેજ તાલુકાની બનાસ નદીમાં નર્મદાનાં નીર છોડવામાં આવતાં ખેડૂતોમાં ખુશીની લહેરની ખુશીના સમાચાર જોવા મળ્યા હતા.

# ખેડબ્રહ્મા શહેરમાં શીતળા સાતમના પર્વ ની ઉજવણી



ગુરૂવારે શિતળા સાતમનો તહેવાર હોવાથી સમગ્ર ઉત્તર ગુજરાત સહીત યાત્રાધામ ખેડબ્રહ્માના શિતળા માતાજીના દર્શન કરવા ભકતો વહેલી સવારે ઉમટયા હતા.જ્યારે શિલવાડ ગામે અને ખેડબ્રહ્મામાં ગુરૂવારે અંબાજી મંદિર રોડ પર આવેલ પૌરાણિક શિતળા માતાજીના મંદિરે દર્શનાર્થીઓએ વહેલી સવારથી જ લાઈન લગાવી હતી. આગળના દિવસે રાંધણ છઠના દિવસે દરેક ઘરમાં રસોઈ બનાવીને બીજા દિવસે શિતળા માતાજીના દર્શન કરીને પછી ઠંડુ ભોજન જમતા હોય છે. ઘરે આવીને કે મંદિરે શિતળા માતાજીની કથા સાંભળ્યા પછી જમતા પહેલા સાત ઘરમાંથી ગૃહીણીઓ બટકુ માગી લાવીને ભોજન કરતા પહેલા સાત ઘરમાંથી લાવેલ બટકાનુ ભોજન પ્રથમ કરતા હોય છે. ત્યારબાદ પોતાના ઘરનુ ભોજન કરતા હોય છે. પુરાણોમાં જણાવેલ કહાની મુજબ આ વ્રત કરનારના ઘરમાં નાના બાળકોને શિતળાનો રોગ થતો નથી તેવુ કહેવાય છે. જેથી આજના દિવસે ઠંડુ ભોજન તથા ઠંડા પાણીએ સ્નાન પણ કરવાનુ હોય છે.તાલુકાના શિલવાડ ગામે અતી પૌરાણિક મંદિર આવેલ છે જ્યાં મોટી સંખ્યામાં ભક્તો ની ભીડ જામી હતી.



**વિજયનગર આર્ટ્સ કોલેજ ક્રોસ કંન્ટ્રી સ્પર્ધામાં ચેમ્પિયન**

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી આંતર કોલેજ સ્પર્ધા આર્ટ્સ કોલેજ,રાજેન્દ્રનગર મુકામે યોજાઈ હતી. ૫૦ કોલેજોના ૩૫૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. વિજયનગર આર્ટ્સ કોલેજની ટીમ યુનિવર્સિટી ચેમ્પીયન બની હતી. કોલેજના ખેલાડી રાહુલ કાવજીભાઈ ખરાડી સમગ્ર સ્પર્ધકોમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. અશ્વિન એલ. નિનામા, ગોવિંદ એલ. ખરાડી પાંચમા અને છઠ્ઠો ક્રમ પ્રાપ્ત કરી આંધ્રપ્રદેશ ખાતે યોજાનાર ઓલ ઈન્ડીયા ઈન્ટર યુનિવર્સિટી સ્પર્ધા માટેની ટીમમાં પસંદગી થયેલ છે. વિજયનગર કોલેજની વિદ્યાર્થીનીઓએ સ્પર્ધામાં સારો દેખાવ કરી યુનિવર્સિટીમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. અજય પાંડોર, નિતેષ ખરાડી, મયુર ફેરાએ પણ સારો દેખાવ કર્યો હતો. બહેનોમાં સંગીતા બલાત, કિંજલ પાંડવે સારો દેખાવ કર્યો હતો.

## ડીસા-પાલનપુર હાઈવે પર બનાસ ડેરીનું ટેન્કર પલટી



ડીસાના ભોંયન નજીક આજે ગુરુવારે વહેલી સવારે ડીસા તરફ થી દૂધ ભરી બનાસડેરી પાલનપુર તરફ જતું એક ટેન્કર અચાનક પલટી ખાઈ જતા દૂધની રેલમછેલ હાઈવે ઉપર થઈ જતા થોડા સમય માટે ટ્રાફિક જામ થયો હતો પરંતુ સમય સૂચકતાના પગલે પહોંચી ગયેલી પોલીસે ટેન્કરને હટાવી ટ્રાફિક પૂર્વવત કરાવ્યો હતો. અને આ બાબતની જાણ ડેરીના સચાલકો ને કરી હતી. સદનસીબે વહેલી સવારે વાહનોની અવરજવર ઓછી હોવાથી મોટી દુર્ઘટના થવા પામી ન હતી.

### મંજૂરી આપશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્થાયી સમિતિને મોકલી હોવાનું મનપાના સૂત્રોએ કહ્યુ છે.

આ ઉપરાંત મનપાની કચેરીમાં કોમ્પ્યુટર રિપેરીંગ તેમજ જાળવણી નિભાવણીના કોન્ટ્રેક્ટની મુદત એક વર્ષ માટે લંબાવવા અંગે નિર્ણય કરાશે. શહેરના વિવિધ સેક્ટરોમાં લગાવાયેલ પેવર બ્લોકનું કામ સારૂ નહિ થયાનું આ ચોમાસાની સિઝનમાં જ બહાર આવ્યુ છે પરંતુ મનપાની સ્થાયી સમિતિ દ્વારા પુનઃ એકવાર આ કામ હાથ પર લેવા માંગે છે તેને લઈ નગરજનોમાં પણ આક્રોશની લાગણી જોવા મળી રહી છે. પૈસાના વેડફાટ સિવાય આ કંઈ નથી. આ રિપેરીંગના નામે પણ બિલો આકારવામાં આવશે એટલુ જ નહિ મનપાએ જ્યાં જ્યાં આ ફૂટપાથો તુટી છે ત્યાં જવાબદાર અધિકારીઓ સામે પગલાં પણ લીધા નથી તેને લઈ પણ લોકોમાં રોષ છે.

### કડક પૂછપરછ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમની કંપનીમાં ૨૨૫ કરોડ રૂપિયાનુ રોકાણ કર્યું હતું. ત્યારબાદ વર્ષ ૨૦૦૮માં આને મોટુ નુકસાન થયું હતું. જેથી કંપનીમાં પોતાના શેરને માત્ર ૯૦ કરોડ રૂપિયામાં સરેન્ડર કરી લીધા હતા. એજ વર્ષે રાજ ઠાકરે દ્વારા પણ પોતાના શેર વેચી દેવામાં આવ્યા હતા અને કંસોર્ટિયમની બહાર નીકળી ગયા હતા. શેર સરેન્ડર કર્યા બાદ પણ આઈએલએન્ડએફએસ ગ્રુપે કોહિનુર સીટીએનએલને એડવાન્સ લોન આપી હતી.

### દરેક પ્રશ્નોના... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ન હતી. સવારે ૧૧ વાગ્યાથી તેમની પુછપરછ શરૂ થઈ હતી. તેમને કુલ ૧૨ પ્રશ્નો કરવામાં આવ્યા હતા. સિબ્બલ બાદ અભિષેક મનુ સિંઘવી દ્વારા પણ ચિદમ્બરમની તરફેણમાં રજુઆત કરવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે, આ મામલામાં એફઆઈપીબી પર નિર્ણય લેનાર છ અધિકારી પકડાયા નથી. સિંઘવીએ કહ્યું હતું કે, સીબીઆઈ આખરે બેચેન કેમ દેખાઈ રહી છે. ચિદમ્બરમની અચાનક ધરપકડ કેમ કરવામાં આવી છે. સીબીઆઈ ખોટી રીત અપનાવી રહી છે. ચિદમ્બરમ તેમની ઈચ્છા મુજબ જવાબ આપશે નહીં. સીબીઆઈએ ૨૦૧૮માં તેમની પુછપરછ કરી હતી. ત્યારબાદ ફોન પણ મળ્યા નથી. સિંઘવીએ ચિદમ્બરમના બોલવાની માંગ કરી હતી. પરંતુ જજે ઈન્કાર કરી દીધો હતો. નિયમોનું પાલન કરવા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ રજુઆત કરી હતી.

### કસ્ટડીમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જરૂરી બની રહી છે તેમ જજે કહ્યું હતું. ત્યારબાદ કોર્ટે ૨૬મી ઓગસ્ટ સુધી ચિદમ્બરમને સીબીઆઈ કસ્ટડીમાં મોકલી દેવાનો આદેશ કર્યો હતો. અગાઉ આજે જોરદાર ઘટનાક્રમના દોર વચ્ચે ચિદમ્બરમને દિલ્હી કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવ્યા હતા. સીબીઆઈએ રાઉજ એવેન્યુ કોર્ટમાં રજુ કરીને ચિદમ્બરમ માટે રિમાન્ડની માંગ કરી હતી. સીબીઆઈ અને ચિદમ્બરમના વકીલોએ પોતાની દલીલો કરી હતી. સીબીઆઈએ કોર્ટમાં કેસ ડાયરી પણ રજુ કરી હતી. સોલિસિટર જર્નરલ તુષાર મહેતાએ રિમાન્ડની માંગ કરી હતી અને કહ્યું હતું કે, ચિદમ્બરમ તપાસમાં સહકાર કરી રહ્યા નથી. જેથી હજુ વધુ પુછપરછની જરૂર છે. મહેતાએ કહ્યું હતું કે, ચિદમ્બરમ ખુબ જ હોશિયાર છે અને તપાસમાં સહકાર આપી રહ્યા નથી. ચિદમ્બરમને જજે બેસી જવા માટે કહ્યું ત્યારે બેસવાનો ઈન્કાર કર્યો હતો. સીબીઆઈએ કોર્ટમાં કહ્યું હતું કે, કેટલાક એવા પ્રશ્નો છે કે જેનો જવાબ ચિદમ્બરમ જ આપી શકે છે. જેથી રિમાન્ડ જરૂરી છે. કોંગ્રેસ તરફથી કપિલ સિબ્બલે રજુઆત કરતા કહ્યું હતું કે, મામલામાં અન્ય સાત આરોપી છે. તમામને જામીન મળી ચુક્યા છે. એફઆઈપીબીને મંજુરી આપનાર છ સરકારી સચિવ હતા. સીબીઆઈએ કોઈની પણ ધરપકડ કરી નથી. ચિદમ્બરમે ગઈકાલે ૨૪ કલાકની મહેતલ માંગી હતી. કારણે કે તે ઉંઘી શક્યા ન હતા. આ મામલાની તપાસ પુરી થઈ ચુકી છે. ચાર્જશીટનો ડ્રાફ્ટ તૈયાર છે પરંતુ રજુ કરાયો નથી.

### બદલાની... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છતાં હજુ સુધી એક શબ્દ પણ જનતાની સમક્ષ રજુ કરી શકી નથી. આ કેસ ૧૨ વર્ષ જુનો છે. સુરજેવાલાએ કહ્યું કે, છેલ્લાં કેટલાક દિવસોથી દેશમાં લોકતંત્રની હત્યા કરવામાં આવી રહી છે. જે પ્રમાણે પૂર્વ નાણા મંત્રી પી ચિદમ્બરમ સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે તેનાથી સ્પષ્ટ જોવા મળે છે કે, મોદી સરકાર તેમના વિરુદ્ધ રાજકીય દ્વેષથી કામ કરી રહી છે. સુરજેવાલાએ કહ્યું છે કે, કાયદાનું અપમાન કરવામાં આવી રહ્યું છે. એક તરફ દેશની અર્થવ્યવસ્થાની ગતિ ઘટી રહી છે. આ જ કારણ છે કે, મોદી સરકાર લોકોનું ધ્યાન ડાઈવર્ટ કરવા માટે આ એક્શન લઈ રહી છે.

### જમાવડો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હવે ફરી એકવાર અફઘાન ત્રાસવાદીઓની મદદથી ત્રાસવાદને ફેલાવવા માટેના પ્રયાસમાં છે. ૨૦૦થી પણ વધારે ખતરનાક ત્રાસવાદીઓ જે તાલિબાનની સાથે મળીને લડી ચુક્યા છે તે એલઓસીની નજીક લોંચ પેડ ખાતે એકત્રિત થયા છે. કેટલાક અફઘાન ત્રાસવાદીઓ તો પહેલા જ ઘુસણખોરી કરી ચુક્યા છે. જે ભારત અને ખાસ કરીને કાશ્મીર માટે વધારે ચિંતાજનક બાબત છે. આ ત્રાસવાદીઓ દિલ્હી સહિતના મોટા શહેરોમાં ત્રાસવાદી હુમલાને અંજામ આપીને માહોલ ખરાબ કરી શકે છે. ઈન્ટેલિજન્સ સુત્રોના કહેવા મુજબ ૧૯મી ઓગષ્ટના દિવસે પાકિસ્તાનના બહાવલપુરમાં ત્રાસવાદીઓની એક મોટી બેઠક મળી હતી.